## પ્રકરણ : ૭

# ઉપસંહાર

આમ, આપણે તીર્થયાત્રાના એક મુકામ પર લગભગ આવી પહોંચ્યા છીએ. ઉપનિષદોના તત્ત્વદર્શી ઋષિઓની સાથે આ યાત્રા એક પવિત્રતાનો આહ્લાદક અનુભવ કરાવનારી બની રહી છે. આ યાત્રામાં ઠેર ઠેર મનને શાતાદાયક અને સમગ્ર વ્યક્તિત્વના ઉર્ધ્વીકરણમાં ફાળો આપનારા અનેક વિચારો અને ચિંતન કણિકાઓ આ ઉપનિષદોમાં વેરાયેલાં પડ્યાં છે. આ યાત્રાનું એક સંક્ષિપ્ત વિહંગાવલોકન કરીએ તો–

પ્રકરણ-૧માં વિશાળ ઉપનિષદ સાહિત્યની એક ભૂમિકા રચવામાં આવી છે. ઉપનિષદ શબ્દની મીમાંસા આપણે કરી ઉપનિષદોના બાહ્ય તત્ત્વનું પરીક્ષણ પણ આપણે કર્યું. કેટલીક વાર જેને બહિરંગ પરીક્ષણ કહે છે તે પણ આવા તત્ત્વચિંતનાત્મક ઉપનિષદોના અભ્યાસમાં જરૂરી બનતું હોય છે. આ બહિરંગ પરીક્ષણથી આપણે ઉપનિષદોનું યથાર્થ મૂલ્યાંકન કરી શકવાની સ્થિતિમાં મૂકાઈએ છીએ. બહિરંગ પરીક્ષણને કારણે આ ઉપનિષદોના તત્ત્વચિંતનની પીઠિકા કેવા પ્રકારની હતી? શાના આધારે હતી? તે સર્વે આપણે નક્કી કરી શકે છે. આ અભ્યાસના ઉપનિષદોની પોતાની મૌલિક વિચારધારા કેટલી રહી છે? અને જો તેના પૂર્વવર્તી એટલે કે પ્રશિષ્ટ ઉપનિષદોની વિચારધારાથી ક્યાં લીધી? કેટલા અંશે? એ બધું પણ જાણવું છે, તે સર્વ પણ આપણે બહિરંગ પરીક્ષણથી નક્કી કરી શકીએ તેમ છીએ. એટલે આપણે ઉપનિષદોની સંખ્યા, ઉપનિષદોનો રચનાકાળ વગેરે બાબતોની ચર્ચા પ્રશિષ્ટ (Classical)ઉપનિષદોના આધારે કરી.

પણ, બહિરંગ પરીક્ષણની સાથે સાથે આપણે ઉપનિષદોના શાંતિપાઠની પણ પ્રકરણ-૧માં ચર્ચા કરી. શાંતિપાઠો આપણી પરંપરાના એક અનિવાર્ય ભાગ બની ગયા છે. વળી, તેનું આધ્યાત્મિક મૂલ્ય પણ જેટલું આંકીએ એટલું ઓછું છે. એટલે એ શાંતિપાઠોની પણ ચર્ચા અમને આવશ્યક જણાઈ છે. આ શાંતિપાઠ શાંતિનું તો ઉદ્‌બોધન કરે છે, સાથે સાથે શાંતિપાઠ પૂરો થતાં ત્રણ વાર ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ: એમ બોલવામાં આવે છે. આ ત્રણ વાર કરવામાં આવતું શાંતિનું ઉચ્ચારણ પણ આ પ્રકારની આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક શાંતિનું પણ પ્રતીક બને છે.

આમ, બહિરંગ પરીક્ષણ કર્યા પછી આંતરિક ભૂમિકાની રચના માટે ઉપનિષદોના વિશ્વાકીય મહત્ત્વની પણ અમે ચર્ચા કરી છે. ભારતીય સંસ્કૃતિમાં ઉપનિષદોનું અતિશય મહત્ત્વ છે. ભારતીય તત્ત્વચિંતનનો પાયો જ આ ઉપનિષદો છે. ભારતવર્ષમાં દર્શનની અનેક ધારાઓ વહી છે. આ સર્વ ધારાઓનું ગંગોત્રી શિખર ઉપનિષદો છે. એટલે અમે ઉપનિષદોનું મહત્ત્વ

પણ દર્શાવ્યું છે. આધુનિક સમયમાં ઉપનિષદોનું મહત્ત્વ વધુને વધુ સ્વીકારાવા લાગ્યું છે. પશ્ચિમના દેશોમાં પણ ઉપનિષદોની વિચારણાની ઘણી અસર પડી છે. ઇલિયટ જેવા નોબેલ પુરસ્કાર વિજેતા કવિએ તો બૃહદારણ્યક ઉપનિષદની દ દ દની આખ્યાયિકા[1] પોતાના કાવ્યમાં[2] પણ ગૂંથી લીધી છે.

આમ, ઉપનિષદોનું આધુનિક જગતમાં અતિશય મહત્ત્વ સર્વસ્વીકૃત બન્યું છે.

દેખીતી રીતે મહત્ત્વ આંક્યા પછી ઉપનિષદોના તત્ત્વચિંતનની પણ વાત કરવી પ્રસ્તુત બને છે. આ પ્રશિષ્ટ ઉપનિષદોના તત્ત્વચિંતનના સિદ્ધાંતોનું નિરૂપણ અમે કર્યું છે. આ તત્ત્વચિંતનને જે ભૂમિકા રચી તેના પર પછી નવ્ય એટલે કે અમારા વિષયના ઉપનિષદોએ પણ પોતાના તત્ત્વદર્શનની નાની મોટી મહૂલીઓ અને ઇમારતો રચી.

પ્રકરણ-૨માં અમે નવ્ય ઉપનિષદોમાંથી સામાન્ય વેદાન્તના ૨૪ ઉપનિષદોને અલગ તારવ્યાં. આ ઉપનિષદોની તારવણી તો અડ્યાર પુસ્તકાલયના અત્યંત મહત્ત્વના પ્રકાશને પણ કરી જ છે તે પ્રમાણે અમે અભ્યાસ પ્રસ્તુત કર્યો છે. આ વેદાન્ત વિષયક નવ્ય ઉપનિષદોની ૨૪ની સંખ્યા પણ વિવાદથી પર નથી. બીજા વિદ્વાનોએ ૧૦૮ ઉપનિષદોમાંથી આ સિવાયનાં પણ કેટલાક ઉપનિષદોને વેદાન્તનાં ગણાવ્યા છે તો આ યાદીમાં સમાવિષ્ટ કેટલાંક ઉપનિષદોને વેદાન્ત વિષયક ન ગણ્યાં હોય એવું પણ બન્યું છે. એટલે એ સર્વેની પણ ચર્ચા અમે બીજા પ્રકરણમાં કરી છે. આ મતભેદ કેટલીકવાર બહુ જ ગંભીર પ્રકારના પણ હોય છે. જેમ કે મહાદેવ શાસ્ત્રી કૈવલ્ય, અમૃતબિન્દુ, તેજોબિન્દુ અને બ્રહ્મોપનિષદને સામાન્ય વેદાન્ત વિષયક ઉપનિષદો ગણાવતા નથી. જ્યારે ઉપનિષદોના પ્રખર અભ્યાસી પોલ ડૉયસન આ ચારેયને વેદાન્ત વિષયક ગણાવે છે. આમ, આવા કેટલાક મતમતાન્તરો નોંધીને આ પ્રકરણની વિષય સમીક્ષા કરી છે.

પ્રકરણ-૩માં અમારા અભ્યાસના વેદાન્ત વિષયક ઉપનિષદોમાં પુષ્કળ પાઠ પાઠાન્તર મળે છે. પાઠ પાઠાન્તરનો વિષય જ એક બીજા મહાનિબંધનો વિષય બની શકે તેમ છે. વળી, મોટેભાગે પ્રત્યેક ઉપનિષદ સમીક્ષિત સંપાદન (Critical edition) માગી લે છે. એટલે અમે આ ઉપનિષદોમાં જોવા મળતાં પાઠાન્તરોની પણ ચર્ચા કરી છે. જે છેવટે એવું પ્રમાણિત કરે છે કે આ ઉપનિષદોની સમીક્ષિત આવૃત્તિ કોઈક વિદ્વાને અથવા વિદ્વાનોની સમિતિએ તૈયાર કરવી જોઈએ.

પ્રકરણ-૪માં અમારા અભ્યાસનાં વિષય બનેલા ૨૪ ઉપનિષદોના વિષયવસ્તુની અમે ચર્ચા કરી છે. સાથે સાથે આ ઉપનિષદો પર વિદ્વાનો દ્વારા જે કંઈ છૂટાછવાયાં કામ થયા હોય તેની પણ અમે નોંધ લીધી છે. એ રીતે પ્રકરણ ૪ અમારા માટે બહુ જ મહત્ત્વનું પ્રકરણ બન્યું

છે. આ બધા જ ઉપનિષદોના નામની પણ અમે મિતાક્ષરી ચર્ચા કરી છે. વિદ્વાનોએ આ ઉપનિષદોની જે તે નોંધ લીધી હોય તેની પણ અમે નોંધ લીધી છે. ક્યાંક આદરણીય વિદ્વાનોથી અમે નમ્રતાપૂર્વક જુદા પણ પડ્યા છીએ. આ સર્વ ઉપનિષદોનો વિગતે સાર આપ્યો છે. મૂળ સંસ્કૃત પાઠની નજીક લઇ જાય તેવી રીતે અમે સાર આપ્યો છે. ક્યાંક પ્રશિષ્ટ ઉપનિષદોની કોટિમાં ગણાયેલા પણ મહાદેવ શાસ્ત્રીએ સામાન્ય વેદાન્ત ઉપનિષદમાં સમાવિષ્ટ કરાયેલા કૌષીતકિ બ્રાહ્મણ ઉપનિષદ જેવાની વિગતે ચર્ચા કરી છે. આપણે જાણીએ છીએ કે કૌષીતકિ ઉપનિષદને શંકરાચાર્યે પોતાના બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં ઉદ્ધૃત કર્યું છે.[3] પણ, છતાં આપણે મહાદેવ શાસ્ત્રી સંપાદિત ઉપનિષદોમાં આનો સમાવેશ થતો હોવાથી તેનો અભ્યાસ કર્યો છે. વળી, મહોપનિષદની પણ સંસ્કરણ પરંપરા જુદી જુદી મળે છે. ક્યાંક ચાર અધ્યાય મળે છે તો ક્યાંક છ અધ્યાય મળે છે. એટલે સમીક્ષિત આવૃત્તિનો પ્રશ્ન તો ઊભો જ રહે છે. પણ સાથે સાથે આ ઉપનિષદનું વિષયવસ્તુ એવું છે કે તે પ્રશિષ્ટ ઉપનિષદની કક્ષાએ પહોંચે છે.

આમ તો અમારા દરેક ઉપનિષદની કંઇ ને કંઇ વિશેષતા રહેલી છે. પણ, મુક્તિકોપનિષદ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. મુક્તિકોપનિષદ આપણે જાણીએ છીએ તે પ્રમાણે ૧૦૮ ઉપનિષદોના નામ આપે છે. એટલે આ ઉપનિષદને 'મુક્તિકોપનિષદ સંગ્રહ' તરીકે પણ કેટલાક વિદ્વાનો ઓળખે છે. આમ, જે સંગ્રહો આપણે ત્યાં પ્રસિદ્ધ છે તેમાં મુક્તિકોપનિષદ સંગ્રહ કદાચ સૌથી વધુ પ્રાચીન છે. મુક્તિકોપનિષદ દરેક વેદના ઉપનિષદોની સંખ્યા પણ જણાવે છે. તદુપરાંત દરેક વેદનો શાંતિપાઠ પણ આ મુક્તિકોપનિષદ સૂચિત કરે છે એટલે મુક્તિકોપનિષદ એક પ્રાચીન પરંપરા પર પ્રકાશ પાડનારું ઉપનિષદ છે. આપણા વેદાન્ત વિષયક ઉપનિષદોમાં મુક્તિકોપનિષદ જ એક એવું છે કે જેમાં રામકથાનો નિર્દેશ થયો હોય. સમગ્ર નવ્ય ઉપનિષદ સાહિત્યમાં રામકથાશ્રિત બહુ જ ઓછાં ઉપનિષદ મળે છે. તેમાં આ મુક્તિકોપનિષદ પણ એક છે.

વેદાન્તવિષયક નવ્ય ઉપનિષદોમાં મૈત્રાયણી ઉપનિષદ એવું છે કે જેના વિશે તેના રચનાકાળથી માંડીને પાઠ અને નામ વિશે પુષ્કળ મતમતાન્તર છે. મૈત્રાયણી ઉપનિષદ એ નામ સાથે સમાનતા ધરાવનારા મૈત્રેયી, મૈત્રેય, મૈત્રી, મૈત્રાયણીય જેવા નામો દ્વારા મૈત્રાયણી ઉપનિષદનો સંકેત થાય છે કે એ નામ ધરાવતાં જુદાં જુદાં ઉપનિષદ છે તે વિશે પણ વિદ્વાનોમાં મતમતાન્તરો છે. એનું સમીક્ષિત સંપાદન પણ ઉપનિષદોના અભ્યાસની તાતી જરૂર છે. બેલવલકર-રાનડેએ આ ઉપનિષદના સંસ્કરણ વિશેની પણ ઘણી ચર્ચા કરી છે.[4]

આમ, ચોથા પ્રકરણમાં દરેક ઉપનિષદનો બધી જ રીતે અભ્યાસ પ્રસ્તુત કરવાનો અમે પ્રયત્ન કર્યો છે. અમે આશા રાખીએ છીએ કે આ નવ્ય વેદાન્તના ઉપનિષદોના વધુ ગહન અભ્યાસમાં અમારો આ અભ્યાસ પણ યત્કિંચિત ફાળો નોંધાવી શકશે.

પ્રકરણ-૫માં અમે વેદાન્તવિષયક ઉપનિષદોમાં સૃષ્ટિવિષયક ચિંતન પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. આપણે જાણીએ છીએ કે જગતની ઉત્પત્તિ એ પણ પ્રશિષ્ટ ઉપનિષદોનો માનીતો વિષય રહ્યો છે. એ જ વાત અહીં આગળ ચાલે છે. જો કે આ નવ્ય ઉપનિષદોમાં સૃષ્ટિવિષયક ચિંતનનું ઘણું વૈવિધ્ય જોવા મળે છે. અનેક વિચારો હવામાં ફંગોળાયા કરતા હશે અને તે વિચારોમાંથી કેટલાકને આ ઉપનિષદોએ પોતાનામાં ચકાસવાનો પ્રયત્ન કર્યો છે. પોતાની પૂર્વે જે કંઇ સૃષ્ટિવિષયક વિચારો થયા છે તેનાથી આગળ આ ઉપનિષદો ચાલે છે. આ ઉપનિષદોના સૃષ્ટિચિંતનમાં ક્યાંક પૌરાણિક છાંટ મળે છે. સાંખ્ય આધારિત સૃષ્ટિ વિષયક ચિંતન પણ કરવામાં આવ્યું છે. પ્રશિષ્ટ ઉપનિષદોની સૃષ્ટિ વિષયક ચિંતનની મનોહારિતા કે અર્થગર્ભિતા કે સચોટતા અહીં ઓછી જોવા મળે છે. પણ, તેનો બદલો વૈવિધ્યતાથી મળી રહે છે.

ઉપનિષદો અને નીતિમત્તાનું ચિંતન એ બે વચ્ચેનો સંબંધ વિદ્વાનોમાં વિવાદાસ્પદ તો રહ્યો જ છે. ઉપનિષદ કેવળ શુદ્ધ અનુભૂતિ પર ભાર મૂકનારા હોવાથી નીતિમત્તાને બહુ ઓછું સ્થાન મળે છે. ઉપનિષદો ઉચ્ચ કક્ષાએ અનુભૂતિની વાત કરતાં હોવાથી દુન્યવી નૈતિકતાને ત્યાં સ્થાન મળતું નથી એવી ઘણા બધા વિદ્વાનોની લાગણી છે. એ સંદર્ભમાં નવ્ય વેદાન્ત ઉપનિષદોમાં પણ અમે આ વાતનો વિચાર કર્યો છે. નવ્ય ઉપનિષદો પ્રશિષ્ટ ઉપનિષદોનો વારસો જાળવી રાખે છે. વારસો એટલે કે અનુભૂતિ. જેને આ ઉપનિષદો પણ શબ્દોમાં પ્રગટ કરે છે. પરંતુ આ ઉપનિષદોનો નીતિમત્તા સાથેનો સંબંધ જોવો અઘરો નથી. વખતોવખત આ ઉપનિષદો નીતિમત્તા કે નીતિના સિદ્ધાંતોનો ઉલ્લેખ તો કરે જ છે. આ જ્ઞાન ગમે તેને અપાય નહિ, વળી આ જ્ઞાન વાસનાને દૂર કરે છે. વાસનાના મૂળમાં જ અનૈતિકતા છે. એમ પણ આ ઉપનિષદો વખતોવખત કહે છે. એટલે નીતિમત્તા પણ આ ઉપનિષદોમાં વચ્ચેવચ્ચે આવી ચડતા અને બ્રહ્મની પરમ અનુભૂતિ સાથે સંબંધ ધરાવતો .વિચાર ચર્ચાયો છે. પરંતુ એક વસ્તુ નોંધી શકાશે કે તાત્ત્વિક રીતે નીતિમત્તાની બાબતમાં પ્રશિષ્ટ ઉપનિષદોથી આ નવ્ય ઉપનિષદો ભિન્ન નથી.

આમ, અમે નવ્ય વેદાંતવિષયક ઉપનિષદોના અમુક અંશે સર્વગ્રાહી અભ્યાસ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. નમ્રતાપૂર્વક કહીએ તો ડૉ. એસ. જી. દેસાઇ સાહેબ જેવાના પ્રયત્નને બાદ કરતાં વિદ્વાનોએ આવો અભ્યાસ પ્રસ્તુત કર્યાનું જાણમાં નથી. ડૉ. એસ. જી. દેસાઇ સાહેબનો અભ્યાસ પણ અમુક દૃષ્ટિબિંદુથી થયેલ છે અને વેદાંતવિષયક ઉપનિષદોને એમાં કંઇ સ્થાન નથી. અમે વેદાંતવિષયક ઉપનિષદોને જ કેન્દ્રમાં રાખી અભ્યાસ કર્યો છે. આવા જ અભ્યાસો બાકી રહેલા ઉપનિષદોના વિષયવાર વિભાજન કરીને કરી શકાય, જે બીજા કોઇ અભ્યાસીઓ હાથ પર લઇ શકે.

અમે આ ક્ષેત્રના કેટલાક વિદ્વાનોના પુસ્તકોનો પણ અમારા અભ્યાસમાં ઉપયોગ કર્યો છે. આ ક્ષેત્રમાં આ વિદ્વાનોનું પ્રદાન બહુમૂલ્ય છે. એ વિદ્વાનોએ જ અમને બતાવેલા માર્ગ પર અમે ચાલ્યા છીએ. તો મેક્સમૂલર, ડોયસન, વેબર, વિન્ટરનિટ્ઝ, કીથ, રાધાકૃષ્ણન્, હ્યુમ, ડૉ. એસ.જી.દેસાઇ જેવા વિદ્વાનોના પુસ્તકોનો અમે ઉપયોગ કર્યો છે. અમે તેમના પ્રત્યે કૃતજ્ઞતા અનુભવીએ છીએ. સંપૂર્ણ યાદી તો સંદર્ભગ્રંથસૂચિમાંથી મળશે જ. એ સર્વ વિદ્વાનો પ્રત્યે અમે આ ક્ષણે આભારની લાગણી અનુભવીએ છીએ.

અત્યારે તો વેદાંતવિષયક ઉપનિષદોનો અભ્યાસ પૂરો કર્યા પછી ચિત્તમાં એક પ્રકારની શાંતિનો અનુભવ થાય છે અને બ્રહ્મ તો આનંદનું સ્વરૂપ છે એટલે હૃદયમાં ઊંડે ઊંડે આનંદ પણ અનુભવાય છે.

*****

## પાદટીપ

### પ્રકરણ : ૭

1) વધુ માહિતી માટે જુઓ પ્રકરણ ૬, પૃ. ૨૦૯

2) Michel Roberts, Faber Book of Modern Verse, Second Edition, 1951 માં સંગ્રહિત ટી. એસ. ઈલિયટનું કાવ્ય Wastelandમાં આ આખ્યાયિકા ગૂંથવામાં આવી છે. પૃ. ૩૮૦ અને ૩૮૧

3) બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય ૧-૧-૨૮ થી ૧-૧-૩૧, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૩૮

4) જુઓ પાઠસમીક્ષા, પ્રકરણ-૩, પૃ. ૬૯

*****